ગાંધીનગર સમાચાર





## સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

### સલામી સવારની..

*(રજત જયંતી વર્ષ)*

*મુખત્યારી રમાડવા ચૂંટણીપંચનો ખોળો છે,*
*ચૂંટણી-પ્રક્રિયા તો માત્ર લોકશાહીનો ઓળો છે,*
*ડોળો છે ગીધડાંઓનો ઘાયલ સ્વાતંત્ર્ય પર -*
*કાયદો મોળો, વહીવટ ભોળોને ન્યાય બોળો છે!*
*(બંગાળ લોકશાહી પર ગીધ નજર)*

### હાઈકુ

*ખૂન કરીને -*
*લોકશાહી લાશનો -*
*થશે અગ્નિદાં*

*- ને ઓઢાણી ઘો!*
*લ્યો ! ભગવું કફન -*
*બંગ વિજય !!*

*(બંગાળમાં રાષ્ટ્રપતિ શાસનનો ગોઠવાતો કારસો)*

### ચિંતન

**સ્વસ્તિ પન્થામનુ ચરેભ સૂર્યાચન્દ્રમસાવિવ ।**
**પુનર્દદતાઘ્નતા જાનતા સંગમેમહિ ॥**

ઉપરોક્ત શ્લોક ઋગ્વેદમાંથી લેવામાં આવેલ છે.

હે માનવો ! સૂર્ય તથા ચંદ્રમાં જે રીતે નિયમિત રુપથી પોતાના નિર્ધારિત માર્ગ પર ચાલતા રહે છે તેવી જ રીતે તમારે પણ ન્યાયનો માર્ગ ના છોડવો જોઈએ.

સૌરમંડળ, સૂર્ય, પૃથ્વી નક્ષત્ર બધાં એક સુનિશ્ચિત વ્યવસ્થામાં બંધાયેલા રહીને કરોડો વર્ષોથી બ્રહ્માંડમાં ચક્કર લગાવી રહ્યા છે. કદી પણ એ વ્યવસ્થામાં કોઈ પણ પ્રકારની ભૂલ થતી નથી. નિયમ પાલનમાં કોઈ પણ આળસ અથવા પ્રમાદ કરતું નથી.

આપણે પણ પોતાના વ્યક્તિગત જીવનમાં અને કૌટુંબિક તથા સામાજિક જીવનમાં પણ દરેક કાર્ય નિયમિત રીતે કરવાની ટેવ પાડવી જોઈએ. આહાર વિહાર, વ્યાયામ, પૂછા-પાઠ વેપાર અને બધાંને નિયમપૂર્વક તથા સુવ્યવસ્થિત રીતે જ કરવાં જોઈએ. બાળખોને પણ પ્રારંભથી જ આનું મહત્ત્વ સમજાવવું જોઈએ. જેથી તેઓ આગળ જતાં સમાજમાં સૂર્યની જેમ ચમકતા રહે. નિયમપાલનને પોતાનો સ્વભાવ બનાવી લેવો જોઈએ.

### સુવિચાર

- સફર એ કાયમાબી મેં ધૂપ બડી કામ આઈ, ગર છાંવ મિલ જાતી...
  તો સો ગયે હોતે - **પરસોત્તમ માંડલ**
- મધમાખી તેના કદ, આકાર અને વજનની દષ્ટિએ વૈજ્ઞાનિક નિયમને ધ્યાનમાં રાખતા કોઈ સંજોગોમાં ઉડી શકે તેમ નથી પરંતુ આ નિયમની મધમાખીને જાણ ન હોવાથી તે આરામથી ઉડી શકે છે - **હેન્રી ફોર્ડ**
- દરેક નિષ્ફળતાને વાજપી કારણો અને દરેક સફળથાને આગવા સિક્રેટ્સ હોય છે - **રોબર્ટ સ્કૂલર**
- બુદ્ધિથી માણસ પૈસાદાર બની શકે છે પણ પૈસાથી બુદ્ધિશાળી બની શકાતું નથી - **રૂમાર્ગો**
- માણસે જો કોઈ ચીજથી ડરવાનું હોય તો ડર, દહેશતથી ડરવાનું છે - **રૂઝવેલ્ટ**
- તરસ્યાને પાણી, ભુખ્યાને અન્ન અને મનથી હારી ગયેલ વ્યક્તિને હિંમત આપવી,
  આનાથી વિશેષ ધર્મ શું ?પુણ્ય શું? - **જીવનપાથેય**
- આજનું ઔષધ : દાઝેલા ભાગ પર કેળના પાન અથવા કમળના પાન સાફ કરીને બાંધી રાખવાથી બળતરમાં રાહત થાય છે **(સંકલન : દીપક વી. આશરા)**

### બોધકથા

સંત એકનાથને પોતાના કાર્યને આગળ ધપાવવા માટે ઉત્તમ શિષ્યની શોધ હતી. તેમણે શિષ્યોને બોલાવીને એક દિવાલ બનાવવા માટે કહ્યું. શિષ્યો કામે લાગ્યા. દિવાલ બનીને તૈયાર થઈ ગઈ. એટલે એકનાથે તેને તોડી નાખવાની સૂચના આપી. દિવાલ ફરીથી બની તો એકનાથે તેને તોડી નોખવાની સૂચના આપી. આવું વારેવારે થયું. જેવી દિવાલ તૈયાર થતી અને એકનાથ તેને થોડી નાખવાનું કહેતા. આમ થવાથી શિષ્યો કંટાળી ગયા અને દિવાલ બનાવવાની પ્રવૃત્તિથી દૂર જવા લાગ્યા. પરંતુ ચિત્રભાનું નામનો એક શિષ્ય વારંવાર તોડવાનું કહેતા છતાં દિવાલ બનાવવાના કામથી તે કંટાળ્યો નહીં. અને કામ ચાલુ રાખ્યું.

એકનાથ તેની પાસે ગયા અને કહ્યું, 'તારા સાથીઓ આ દિવાલનું કામ છોડીને ભાગી ગયા છે, પણ તું હજી આ કામ શું કામ કરી રહ્યો છે?' ચિત્રભાનુ એ જવાબમાં કહ્યું, 'ગુરુજી આપની આજ્ઞા હોય તો મારાથી પાછા કેમ પડાય.' આ જવાબ સાંભળી એકનાથ ખૂબ પ્રસન્ન થયા. તેમણે ચિત્રભાનુને પોતાનો ઉત્તમ શિષ્ય જાહેર કરતાં કહ્યું, 'સંસારમાં સૌ ઊંચી આકાંક્ષાઓ રાખે છે અને સર્વોચ્ચ પદ પર પહોંચવા પણ માગતા હોય છે. પરંતુ તેઓ નથી જાણતા કે એના માટે પાત્રતા પણ જરૂરી હોય છે. તેઓ પાત્રતા મેળવવાનો પ્રયાસ નથી કરતા અથવા થોડો પ્રયાસ કરીને પીછેહઠ કરી જાય છે. કોઈ લક્ષ્ય પર પહોંચવા માટે પરિશ્રમ અને દઢતા પણ જરૂરી છે. ચિત્રભાનુમાં ઈચ્છા, પરિશ્રમ, દઢતા સાથે ધૈર્ય પણ છે. એવો વ્યક્તિ જીવનમાં પોતાનું લક્ષ્ય અવશ્ય મેળવી લે છે.'

# ચીનની કુટિલનીતિ સામે વિશ્વ લાલઘુમ

**તંત્રીસ્થાનેથી...**

ચીન સામે દુનિયા આખી ગમે તેટલા આક્ષેપો કરશે પણ એથી ડ્રેગોનના પેટનું પાણી સુદ્ધાં હલવાનું નથી. વિશ્વની પ્રાચીન સંસ્કૃતિઓમાં ભારત અને ચીન સમાંતરે ચાલતા દેશો રહ્યા છે. ચીનના પ્રવાસીઓ ફાહિયાન અને હ્યુસેન-સાંગ ભારે મુસીબતો વેઠીને ભારતીય વિદ્યાનો ખજાનો શોધવા હિમાલયની પર્વતમાળા ઓળંગી ભારતમાં આવ્યા હતા અને ભારતે જેને જાકારો આપ્યો તે બૌદ્ધ ધર્મ ચીનમાં તથા ચીન મારફત જાપાન જેવા દેશોમાં ફાલ્યો ફૂલ્યો હતો. ચીની માનવી પાસે ભારતીય જણ જેવી વાચાળતા નથી. એ ધીમું ધીમું મરક મરક હસતાં હસતાં આપણા પેટની વાત પકડી લે છે અને પછી એને ઠીક લાગે એ રીતે પ્રતિક્રિયા આપે છે. પંચશીલના કરાર કર્યા છતાં એ પંડિત જવાહરલાલ નહેરુને ઊંઘતા ઝડપી સરહદો સળગાવી શકે અને ઝૂલે ઝૂલ્યા પછી નરેન્દ્ર મોદીને પોતાનું અસલી પોત પરખઆવી શકે છે. અમેરિકા પોતાને દુનિયાની સર્વોચ્ચ તાકાત માની બેઠું છે પણ ચીને એની બડાશો હાંક્યા વગર જ પોતાની તાકાતનો પરચો બતાવી દીધો છે. દુનિયાની સૌથી મોટી જનસંખ્યા વાળા આ મહાન દેશ સામે કોરોના વાઈરસ મુદ્દે આખી દુનિયાએ મોરચો માંડ્યો હતો પણ વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશનની ટીમને ચીની શાહુકારે ડિંગો બતાવી દીધો એ જગજાહેર છે. અમેરિકાના તત્કાલીન રાષ્ટ્રપ્રમુખે વારંવાર ચીનની લેબોરેટરીમાં જ કોરોના વાઈરસ તૈયાર થયું હોવાના દાવા કર્યે રાખ્યાં, છતાં ચીનને એથી કશો ફરક પડ્યો નથી. વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈશેશનને ચીનના સર્વોચ્ચ નેતા શી જિન પિંગ ખીસ્સામાં રાસીને ફરે છે. વુહાનની લેબમાંથી લીક થયેલ વાઈરસ પર ચીને તો સમયસર નિયંત્રણ મેળવી લીધું જયારે આખી દુનિયાના અર્થતંત્રને એણે તળિયે બેસાડી દીધું. ૨૦૧૫ના વર્ષથી ચીન સાર્સ વાઈરસના બાયોલોજિકસ વેપર તરીકે ઉપયોગ કરવા કૃતસંકલ્પ હતું. એની સેનાના વૈજ્ઞાનિકો ત્રીજા વિશ્વયુદ્ધ માટેના અમોઘ હથિયાર તરીકે આ વાઈરસ તૈયાર કરવામાં પડ્યા હતા. આ બધી હકીકતોના આછાપાતળા અહેવાલ અમેરિકાની જાસૂસી સંસ્થાઓ પાસે છે; પરંતુ ચીન સામે આંતરરાષ્ટ્રીય ખટલો માંડવાની એની તૈયારી નથી. અમેરિકા અને ભારતને ઘૂંટણિયે પાડી દેવા માટેના આયોજન બદ્ધ કાર્યક્રમમાં ચીન સફળ રહ્યું છે. લાશોના ઢગલા વળેલા જોઈ પાછું એ 'મદદ' પણ મોકલી શકે છે! ચીનની આ વ્યૂહાત્મક યુદ્ધનીતિ સામે ટક્કર ઝીલવાની નથી તો ભારતની તાકાત કે નથી અમેરિકા એની સામે મોરચો માંડવા તૈયાર. ચીન પાસે વિશ્વની ઈકોનોમીને નિયંત્રિત કરનારું માર્કેટ છે. એની પાસે એવી શાસકીય વ્યવસ્થા છે જેમાં રેલીઓ યોજીને પોતાના જ દેશના પ્રતિસ્પર્ધીઓ સામે નાણાં વેડફવાની જરૂર નથી રહેતી. તબીબી સહિત તમામ ક્ષેત્રે હરણફાળ ભરી વિશ્વની નંબર વન - ઓફ ધ રેકોર્ડ - તાકાત બનનાર ચીન ખંધું હસી રહ્યું છે અને દુનિયા કોરોનાથી ફેલાયેલા મોતના તાંડવની માતમ મનાવી રહી છે !

# આચરણ અને સત્કર્મ અક્ષય રહે છે



અજવાળું - અજવાળું
તુષાર જોશી

ઓગણીસો એંસીના દાયકાના આરંભના એ વર્ષો... મને બરાબર યાદ છે, કૉલેજકાળના એ સમયથી, અભ્યાસમાં મળેલી એકધારી નિષ્ફળતાઓ સામે લડતા લડતા અખાત્રીજ જ આવે ત્યારે નવી નોટ-નવી પેન લઈને મનના ભાવો એમાં ઉતાર્યા હતા... ચારેક દાયકાનો સમય થયો આજે પણ આ સાંસારિક રીતો-સાંસ્કૃતિક રીતે અખાત્રીજ ઉજવાય, પ્રિયજનોને પારણા કરાવવા જવાનું થાય, એનાથી વધુ પ્રસન્નતા આ લેખનના કોઈ પ્રોજેક્ટના - શુભ અને શુદ્ધ આચરણના શુભારંભથી મને હંમેશા થઈ છે.

વસ્ત્ર-આભૂષણ-વાહન ખરીદી, જપ-તપ, હવન-સ્વાધ્યાય, પિતૃ-તર્પણ, ક્ષમા પ્રાર્થના માટે ઉત્તમ દિવસ છે અખાત્રીજ...

જૈન ધર્મના પ્રથમ તીર્થંકર શ્રી ઋષભદેવ ભગવાને એક વર્ષનું તપ પૂર્ણ કરીને આ દિવસે શેરડીના રસથી પારણા કર્યા હતા. ભગવાન આદિનાથે ૪૦૦ દિવસની તપસ્યાના પારણા કર્યા હતા. આજે પણ વર્ષીતપના પારણાનો બહુ મોટો મહિમા છે. અખાત્રીજે.

વૈશાખ મહિનાના શુક્લ પક્ષને અક્ષય તૃતીયા અથવા અખાત્રીજ કહેવાય. એવી માન્યતા છે કે પૃથ્વી પર અક્ષય-અખંડ અને સર્વવ્યાપક એકમાત્ર પરમાત્મા જ છે, અખાત્રીજ એમના નામ સાથે જોડાયેલી તીથિ છે. આ દિવસે નર-નારાયણ, પરશુરામ અને હયગ્રીવ અવતાર થયો હતો એટલે એમની જયંતિ પણ અખાત્રીજે ઉજવાય છે. ત્રેતાયુગનો આરંભ અખાત્રીજના દિવસે થયો હતો.

અખાત્રીજ એટલે વણજોયું, સ્વયં સિદ્ધ મુહુર્ત, આ દિવસે કોઈ પંડિતને પૂછતા વિના, શુભ કાર્યોનો-માંગલિક અવસરોનો આરંભ થઈ શકે છે. એથી જ આ દિવસે વૈવિશાળ-લગ્ન અને નવા ઉદ્યોગ-વ્યાપાર સાહસના કાર્યક્રમો વિશેષ સંખ્યામાં યોજાતા હોય છે.

વિદ્યાર્થીઓ માટે અભ્યાસનો આરંભ હોય, લેખક કે સર્જક માટે કલાના વિવિધ સ્વરુપોના પ્રોજેક્ટનો આરંભ હોય, નવા વિચાર સાથે કોઈ નવા સાહસનો આરંભ હોય, યાત્રા કે તીર્થાટન હોય, અખાત્રીજ સૌથી ઉત્તમ ગણાય છે. વાસ્તુ-ગૃહપ્રવેશ-નદીઓમાં સ્નાન, દાન-પુણ્ય-વગેરે વગેરે આ દિવસે વિશેષરુપે થાય છે.

અખાત્રીજના દિવસ માટે એવી માન્યતા છે કે આ દિવસે કરવામાં આવતું કાર્ય અક્ષય બને છે... આપણે જાણીએ છીએ કે માનવ શરીર અને વસ્તુ માત્ર નાશવંત છે, તો પછી કશુંયે અખંડ કે અક્ષય કેવી રીતે રહી શકે?

આચરણ અને સત્કર્મ અક્ષય રહે છે. અખાત્રીજનો દિવસ મને અને તમને સ્મૃતિ કરાવે છે, આ શુભ દિવસ છે દોસ્ત, માત્ર આયોજનો ના કર, શુભ કાર્યોનો આજથી આરંભ કર... આચરણ કર. લેખક-કલાકાર કે સર્જક તરીકે મારા અનેક સ્મરણો જોડાયેલા છે જયારે અખાત્રીજના દિવસે કોઈ એક પ્રોજેક્ટનો શુભારંભ કર્યો હોય.

મન-વચન-કાર્ય-કર્મથી સમર્પિત થઈને જયારે આપણે કોઈ કાર્ય આચરણમાં મુકીએ, એમાં આપણું હિત ભલે હોય, પણ કોઈનું અહિત ના હોય, ત્યારે એ આચરણ થકી આપણને આનંદ-સમૃદ્ધિ - પ્રસન્નતા મળે છે અને એ અખંડ છે, અક્ષય છે.

કપરાકાળમાં કોઈને કરેલી મદદ, કોઈના માટે વહાવેલી કરુણા, કોઈની પડખે ઊભા રહ્યાની પળ, સ્વજનો તો ઠીક, અજાણ્યા માટે પણ કશુંક આપીને Joy of Giving નો મેળવેલો આનંદ, આ બધ્ધું જ અક્ષય છે.

આપણા અને સામેના માણસની સમયની બદબાદી ના કરીએ, આપણા વિચારો કોઈના પર થોપવાની કોશિશ ના કરીએ, કોઈ પણ વ્યક્તિ કે વિચારધારાના અંધ-ભક્ત બનીને ગાડરીયા પ્રવાહમાં ના તણાઈએ, બીજાએ શું કર્યું એ નહિ, મેં શું કર્યું એ વિચારીએ, જાતે અભ્યાસ કર્યા વિના 'પેઈડ' સર્વિસ રુપે તૈયાર કરાયેલા મેસેજિસ ફોરવર્ડ ના કરીએ, આપણી વાત સાચી હોય એમ સામેના વ્યક્તિની વાત પણ સાચી હોય એ ઉદારતા કેળવીએ, એક માણસ તરીકે માણસાઈનો અને જવાબદાર નાગરિક તરીકે નાગરિકનો ધર્મ બજાવીએ, પરિવાર-સ્વજન અને મિત્રોને પૂરતો સમય આપીએ, સંબંધો દ્વારા પ્રાપ્ત તતો આનંદ માણીએ, કલાના કોઈ પણ સ્વરુપમાં પ્રોફેશનલી - નોન પ્રોફેશનલી જોડાયેલ રહીએ, આવું આવું કેટકેટલું અખાત્રીજથી આરંભ કરી શકીએ.

અખાત્રીજના પર્વની આપ સહુને - સ્વયં મને પણ જયારે શુભકામના પાઠવું છું ત્યારે થાય છે કે જે ગયું તે ભલે ગયું, આ ઉત્સવ જાગૃતિ આપે છે. આચરણ થકી - સત્કર્મ થકી હવે એવા દીવડા પ્રગટાવીએ એવા કાર્યોનો શુભારંભ કરીએ જે આપણા ને આસપાસના જીવનમાં અજવાળા રેલાવે.

# કંઈ જ રીએક્ટ ન કરવું હંમેશા હાર નથી હોતી, સમજણ પણ હોઈ શકે



વિચારયાત્રા
ડૉ. જય ઓઝા

આફત શું છે ? ક્યાં કોની સાથે કેવો વ્યવહાર કરવો તેની પળોજણ છે. સાચે જ યાર ! અહીંયા સૌથી મોટી મુશ્કેલી જ આ છે, કે કયારે કયો વ્યક્તિ કયુ મ્હોરું પહેરીને આપણી સામે ઊભો રહે છે, સાલી તે જ ખબર નથી પડતી...

વડીલો કહી ગયા કે, હંમેશા સત્યના માર્ગે ચાલો, સદાય ધર્મમય બનો, પણ તેમને કેવી રીતે સમજાવવા કે હવે સમય બદલાઈ ગયો છે, એક જ રસ્તે ચાલી શકાય તેવો સમાજ અને સમાજના લોકો રહ્યા નથી. હા! આદર્શવાદી, સત્યનિષ્ઠ અને સદાચારી લોકો આ 'નરો વા કુંજરો વા' વાળા માર્ગને છટકબારી તરીકે ઓળખાવશે અને ઉપદેશ પણ આપી દેશે કે એવું કશું અશક્ય આ દુનિયામાં નથી જે ન કરી શકાય. આપણે સત્ય અને અહિંસાના માર્ગે ચાલી જ શકીએ...

ત્રેતાયુગમાં સત્યવાન ધર્મવાન યુધિષ્ઠિરને પણ જા 'નરો વા કુંજરો વાહ્ન કરવું પડતું હોય તો આજના કલિયુગમાં મારા-તમારા જેવા પામર મનુષ્યો માટે તે એકધારું સત્યના માર્ગે ચાલવું અશક્ય જ બની રહે ને !

માટે જે ધર્મધુરંધર અને સત્યાગ્રહી વ્યક્તિઓને લાગતું હોય કે ગમે તે પરિસ્થિતિમાં અમે તો અટલ અચળ બનીને, યુધિષ્ઠિરથી પણ સવાયા બનીને, સતત સત્યના માર્ગે ચાલી શકીએ છીએ, તેવા ધુરંધર વ્યકિતત્વ આ પામર માનવે લખેલ આ લેખ ન વાંચે. આ વાત તો મારા જેવા અઢળક સાધારણ લોકો માટે છે, જેઓ વારંવાર એવી અવઢવમાં અટવાઈ પડતા હોય છે કે, અત્યારે સત્ય ઉચ્ચારવું, અર્ધસત્ય ઉચ્ચારવું કે અસત્યનો આશરો લેવો ?

ના ના ! બહુ ભારેખમ અને ગહન દાર્શનિક વાત નથી કરવી. ખૂબ જ સરળ વાત છે. આપણું અસત્ય કયારેક આપણી માટે ખૂબ આવશ્યક હોય છે. કોઈ જડસુ અને અવાસ્તવવાદી પરિસ્થિતિઓમાં આપણું અસત્ય ભાષણ વરદાનરુપ બની જાય છે.

બસ મુશ્કેલી એ છે કે, આવી પરિસ્થિતિઓને ઓળખવામાં કાં તો આપણે થાપ ખાઈ જઈએ છીએ, અથવા તો વારંવાર આવી પરિસ્થિતિવશ લાચાર બની જવાની ટેકણ લાકડીનો ઉપયોગ કરવાની કુટેવ પડી જાય છે.

માનવસહજ દોષ તો આમાં આપણા બધાનો રહેવાનો જ છે. પરંતુ બીજી કપરી બાબત એ છે કે, જિંદગી એક જ પરીક્ષા અલગ અલગ અભ્યાસક્રમ સાથે વારંવાર લે છે, એટલે આગળની પરીક્ષામાં જે સમજથી જવાબ આપ્યા હોય તે જ પદ્ધતિ જા બીજી વખત વાપરવા જઈએ તો ખતા ખાવી પડે છે.

જેમ કે, એક જ વ્યક્તિ આપણી સમક્ષ આપણા જીવનમાં કયારેક ખૂબ ઉપયોગી લાગતા હોય પરંતુ તે જ વ્યક્તિ પરિસ્થિતિ આપણી સમક્ષ થોડા અણગમતા ચહેરા સાથે આવે ત્યારે તત્કાલ પ્રતિક્રિયા આપીને તેની સાથે ઘર્ષણમાં આવી જવું કે પછી ખતા ખાઈ જઈને સહન કરી લેવું, તેવી અવઢવ થતી હોય છે.

સામા વ્યક્તિની સાચી ઓળખ આપણે મેળવી લીધી છે કે પછી ઉપલક દષ્ટિએ જ આપણે ત્વરિત નિર્ણય પર પહોંચી ગયા છીએ તે આપણે સ્વયં નક્કી કરવું પડતું હોય છે, અને આ જ 'જા અને તોલ્ન વાળી પળોમાં આપણે કોઈને કોઈ ઉતાવળીયો ખોટો નિર્ણય લઈ લેવાની મૂર્ખામી કરી બેસીએ છીએ.

ઘણીવાર ત્વરિત પ્રતિક્રિયા ન આપીને કાયરમાં ખપાવાની ભીતિ પણ હોય છે, ચોક્કસ આઘાત સામે પ્રતિઘાત ન આપીને ઘણીવાર આપણે આપણી જાતને છેતરાયેલ કે અશક્ત માનતા હોઈએ છીએ. ચૂપ રહેવું એ નિર્બળતા નથી હોતી પરંતુ બમણી તાકાત પણ હોય છે.

આપણે ઉતાવળ કરીને કોઈ નિર્ણય પર પહોંચી જઈએ, અને કદાચ પરિસ્થિતિવશ કોઈ સ્વજન કોઈ વખત આપણાં આકલન મુજબ ન વર્તે ત્યારે દુઃખી થઈને જજમેન્ટલ બન્યા વગર મૌન રહીને પરિસ્થિતિને તાગવી જાઈએ.

અગાઉ કહ્યું તેમ આપણા મૌનને આપણી નબળાઈ માની લેવામાં આવે તો મૂંઝાવું નહીં. કારણ કે જા કોઈકે માત્ર ને માત્ર સંજાગાવશાત? જ આપણા તરફી જા અણછાજતું વર્તન કરતા હોય તો તેમને માફ કરવા જાઈએ. અને જા કોઈ વારંવાર આપણું અપમાન કરતું હોય, અને એકાધિક વખત તેમનું અતડાપણું આપણને આહત કરતું હોય તો પણ તેવા વ્યક્તિ પ્રત્યે કોઈ જ પ્રત્યાઘાત આપવાનું કોઈ કારણ નથી. કોઈ મતલબ જ નથી એવો સ્વાર્થી અને દોગલા વ્યક્તિ માટે આપણી કોઈ પણ ભાવના વ્યક્ત કરવાનું. ઘૃણા, ગુસ્સો જેવી ભાવના પણ તેમના તરફ વ્યક્ત કરીને આપણે તેમને મહત્ત્વ આપીએ તેના કરતા તો તેમને નજરઅંદાજ કરવા એ જ આપણી માટે હિતકારક છે.

કારણ કે હમણાં જ વોટ્સએપ પર નાનકડી પણ ખૂબ ગહન પંક્તિઓ વાચી હતી...

કંઈ જ રીએક્ટ ન કરવું
હંમેશા હાર નથી હોતી.
સમજણ પણ હોઈ શકે...
- ખોટું બોલવામાં કરેલી ઉતાવળ
અને સાચું બોલવામાં કરેલ મોડું
જીવનમાં ઘણું ગુમાવી દે છે...

- jayuoza@gmail.com,
Mo.9898046488

# દાદ બાપુ સદીઓ સુધી ગુજરાતીઓના હૃદયમાં રાજ કરતાં રહેશે



આત્મનાદ
પુલક ત્રિવેદી
pulak63@gmail.com

એકાદ સપ્તાહ પહેલાં આવેલા સમાચાર પર નજર પડતા વેંત હૃદય એક ધબકારો ચૂકી ગયું. પદ્મશ્રી કવિ દાદ બાપુ આપણી વચ્ચે હવે નથી રહ્યાં. ગુજરાતનાં લોક કલાકારોનાં કંઠે જેમના શબ્દો સતત રેલાતાં રહે છે, જેમની કલ્પનાઓ અને અનુભૂતિઓ ગુજરાતના ગામેગામ ડાયરાઓમાં ઝીલાતી હોય છે, ડાયરાઓમાં જેણે વર્ષો સુધી ગુજરાતના સંસ્કાર અને સંસ્કૃતિને જન માનસ ઉપર અંકિત કરી છે એવા દાદ બાપુની વિદાયે સમસ્ત ગુજરાતને આંસુ સારતું કરી દીધું છે.



ગઢ ગીરનાર જેની શોભા છે એવા શહેર જૂનાગઢે ચાર અણમોલ રતન આપ્યાં. દિવાળીબહેન ભીલ, વલ્લભભાઈ મારવણીયા, ભીખુદાન ગઢવી અને કવિ દાદ બાપુ. દાદ બાપુનું આખું નામ દાદુદાન પ્રતાપદાન ગઢવી. શબ્દોનુ લાલિત્ય અને અદભુત કલ્પનાના સમન્વયની સર્જનશક્તિ દાદ બાપુને પિતા પાસેથી વારસામાં મળી છે. પિતા પ્રતાપદાન ગઢવી જૂનાગઢની નવાબી હકૂમતમાં રાજ દરબારના રાજકવિ પદને શોભાવતાં હતાં. એમની સર્જનશક્તિને પોંખીને રાજાએ એમને ઈશ્વરીયા અને સાપર ગામ ભેટમાં આપેલાં. કૌટુંબિક સંસ્કારની સરવાણીએ દાદુદાનને ૧૪-૧૫ વર્ષની ઉંમરે જ કવિતા રચતા કરી દીધા હતાં. મામાના અવસાન વેળા દાદુદાનને હૃદયમાં ખૂબ લાગી આવ્યું અને એમણે એક છંદ લખ્યો હતો. ત્યારબાદ એમણે માતાજીની સ્તુતિ લખવાનું શરૂ કર્યું.

સર્જનશીલતા, કલ્પનાશીલતા અને અભિવ્યક્તિને શિક્ષણનો ક્યારેય બાધ નડ્યો નથી. દાદ બાપુ માત્ર ચાર ચોપડી પાસ હતાં. પરંતુ ગુજરાતી સાહિત્યમાં તેમના શબ્દો અને સર્જનશીલતાની એક આગવી છાપ છે. દાદ બાપુ ઉમદા કવિ, મોટા ગજાના લેખક, કર્ણપ્રિય ગાયક અને અદભુત વકતા હતા. આંઠ ભાગમાં પ્રકાશિત થયેલાં 'ટેરવા' નામના ગ્રંથમાં તેમણે ગરવા ગુજરાતની સંવેદનાસભર પહેચાન કરાવી છે. મજાની વાત તો એ પણ છે કે, જે વ્યક્તિ ચાર ચોપડી ભણેલો છે એની ઉપર આજે ગુજરાતી સાહિત્યમાં લોકો સંશોધન કરીને પીએચડી થયા છે. છ દાયકાની તેમની સર્જનયાત્રામાં ૧૫ જેટલી ગુજરાતી ફિલ્મોમાં તેમણે ગીતો લખ્યા છે. પદ્મશ્રી ઉપરાંત કવિ દાદ બાપુને ગુજરાત ગૌરવ અને ઝવેરચંદ મેઘાણી જેવા અનેક પ્રતિષ્ઠીત એવોર્ડથી નવાજાયા છે.

'કાળજા કેરો કટકો મારો ગાંઠથી છૂટી ગયો...' આ પ્રસિદ્ધ રચના ગુજરાતના ખૂણે ખૂણામાં અત્યંત લોકપ્રિય બની છે. દાદ બાપુની સૌથી મોટી ખૂબી એ હતી કે, તે તળથી જોડાયેલા લોકોની સંવેદનાને શબ્દોમાં ઉતારીને સરળ ભાષામાં પ્રસ્તુત કરતાં હતાં. નારાયણ સ્વામીના કંઠે સ્વરબદ્ધ થયેલું 'કૈલાસ કે નિવાસી...હ્ન અને પ્રાણલાલ ભાઈ વ્યાસના સુરીલા કંઠે ઘર ઘરમાં પહોંચેલું 'ઠાકોરજી નથી થાવું, ઘડવૈયા મારે...' કવિ દાદને ક્યારેય ભૂલાવા નહીં દે. વર્ષ ૧૯૭૫માં શેતલના કાંઠે ફિલ્મમાં દાદ બાપુની રચના 'કાળજા કેરો કટકો...' જ્યારે રજૂ થયું ત્યારે ગુજરાતના પ્રત્યેક દીકરીના બાપની આંખમાંથી આંસુ રોકાતા ન હતાં. તે જ રીતે શેઠ શગાળશા ફલ્મમાં 'ઘડવૈયા મારે ઠાકોરજી નથી થાવું' ગીત જ્યારે રજૂ થયું ત્યારે ગુજરાતભરમાં તેને જબરજસ્ત પ્રતિસાદ સાંપડ્યો હતો.

દાદ બાપુ સાથે પત્રકાર હનિફ ખોખરે વર્ષો પહેલાં મુલાકાત લઈને સૌરાષ્ટ્રના પ્રાચિન ચારણી સાહિત્યને અનોખી અને અદભુત રીતે રજૂ કરનારા દાદ બાપુને પ્રસ્તુત કરતાં લખ્યું હતું કે, 'ગુજરાતનો કોઈપણ ડાયરો કે કલાકાર એવો નહીં હોય કે જ્યા કવિ દાદની રચનાઓ પ્રસ્તુત થઈ ન હોય.' પત્રકાર ખોખર લખે છે કે, '૧૯૭૧માં જ્યારે આજનું બાંગ્લાદેશ અને તે વખતનું પૂર્વ પાકિસ્તાન છૂટું પડ્યું તે સમયે ભારતે બાંગ્લાદેશને અનેક પ્રકારની સહાય કરી હતી. તે વખતે દાદ બાપુએ 'બંગાળ બાવની' નામના પુસ્તકમાં ૫૨ કવિતાઓ લખી હતી. સરકારે આની લાખો નકલો છપાવીને વિતરણ કરી હતી. આ માટે દાદ બાપુનું તે સમયે વિશેષ સન્માન પણ થયું હતું.

'શબ્દ એક શોધો ત્યાં સંહિતા નીકળે, કૂવો એક ખોદો તો આખી સરિતા નીકળે, જનક જેવા આવી હજુ જો હળ હાંકે, તો આ ધરતીમાંથી હજી પણ સીતા નીકળે...' અને 'હજુ ધબકે છે ક્યાંક લક્ષ્મણ રેખા, કે રાવણ જેવા ત્યાંથી બીતા નીકળે...' જેવી મર્મસભર ચોટદાર અમર રચના દાદ બાપુની સ્મૃતિને અવિસ્મરણીય બનાવે છે. જવામર્દીની વાતને ખુમારીથી પ્રસ્તુત કરવાની દાદ બાપુની શૈલીની જોડ મળી શકે એમ નથી. નવી પરણીને આવેલી રજપુતાણી ભાલે કુમકુમ તીલક કરીને જ્યારે એમ કહે, 'મારજો કે મરજો પીયુ, ન દેજો પીઠ લગાર... નહિંતર સાહેલી મેણા મારશે, તુ તો કાયર કેરી નાર...' ત્યારે ભલભલાના રૂવાડા ખડા થઈ જાય.

ચિંતક, લેખક અને ચારણી સાહિત્યના એનસાઈક્લોપીડીયા જેવા વસંતદાન ગઢવીએ એક વાર વિશ્વ કોશમાં કવિ દાદની સર્જન યાત્રા વિશે વાત કરતાં જણાવ્યું હતું કે, દાદ બાપુની રચનાઓ તેના સરળ અને પ્રવાહી કાવ્ય તત્વ તેમ જ ગેય હોવાથી તેની રજૂઆત ચિત્ત આકર્ષક બની જાય છે. વસંતદાન ગઢવી સાહેબે સ્વામી આનંદે સાંઈ મકરંદને લખેલા એક પત્રનો સંદર્ભ ટાંકી સ્વામી આનંદે દાદ બાપુ માટે કરેલી સરસ વાત ઉજાગર કરી. સ્વામી આનંદે કહ્યું કે, 'દાદલ કોઈ મધ્ય યુગના સંત કવિ નથી પણ નૂતન યુગનો ચારણ કવિ છે. ભાતીગળ રંગની કવિતાઓનો સર્જક છે.' સ્વામીએ દાદ બાપુની જે રચનાને હૃદયથી પોંખી એ હતી, 'ટોચો મા ટાંકણું લઈ ભાઈ, ઘડવૈયા મારે ઠાકોરજી નથી થાવું...'

દાદ બાપુના દુહાઓ દીલો દિમાગ પર હંમેશા છવાયેલા રહેશે. એમના દુહાની અલગ ભાત હોય છે. 'દાદ કહે આ જગતમાં સંતોષી એક ઝાડ, એક મૂળીએ પાણી પાવ ત્યાં રાજી સઘળી ડાળ...' જેમની રચનામાં ગુજરાતની માટીની મહેંક અને ગરવા ગુજરાતની છબી ઝીલાતી હોય છે, જેની પ્રત્યેક રચનામાં સૌ કોઈને એમ લાગે કે આ તો મારી જ વાત છે. એવા કવિ દાદ બાપુ સદીઓ સુધી ગુજરાતીઓના હૃદયમાં રાજ કરતાં રહેશે.

**ધબકાર**

'કૈલાસ કે નિવાસી નમું બાર બાર હું, આયો શરણ તિહારે પ્રભુ તાર તાર તું...

**- કવિ દાદ બાપુ**